# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

બહુમતિની ગંગામાં નાહીને સાફ થઇ ગયા!
ને રામમંદિરના અવરોધો સાફ થઇ ગયા!
કૌભાંડ કુહાડે કોંગી જાતે જ સાફ થઇ ગયા!
વિકાસના ઝાડુથી બધા પક્ષ સાફ થઇ ગયા!

## હાઇકુ

વડાપ્રધાન,
ભારતના નાથને
અભિનંદન -
(ગુજરાત નો નાથ)

કોંગી ને ગાલે
પ્રજાની લપડાક -
ભ્રષ્ટાચારને..
(કૌભાંડો અસ્વીકાર્ય)

## ચિંતન

*ઉત્સાહો બલવાનાર્ય નાસ્ત્યુત્સાહાત્પરં બલમ્ । સોહાત્સાહસ્ય લોકેષુ ન કિંચ્ચિદપિ દુર્લભમ્ ॥ (૧)*
*ઉધમઃ સાહસં ધૈર્ય બુદ્ધિઃ શક્તિઃ પરાક્રમઃ ષેડેતે યજ્ઞ વર્તન્તે તત્ર દૈવં સહાયકૃત ॥ (૨)*

હે આર્ય! ઉત્સાહ જ બળવાન છે, ઉત્સાહ સિવાય જીવનમાં બીજું કોઇ જ બળ નથી. ઉત્સાહી મનુષ્ય માટે આ દુનિયામાં કંઇ જ અશક્ય-દુર્લભ નથી (૧)

જયાં ઉધમ-પ્રવૃત્તિ-સાહસ-પુરૂષાર્થ છે, ધીરજ બુદ્ધિ, શક્તિ અને પરાક્રમ આ છ ગુણ હોય છે ત્યાં નશીબ પણ સાથ-સહકાર-સહાય આપે છે (૨)

કેટલાંક લોકો આળશું, દરિદ્રી હોય છે, એમનું જીવન આરામની ઓઢણી નીચે થાકનું બહાનું લઇ સદાય પોઢેલું રહે છે. જીવનમાં ચંચળતા-ચપલતાં-ઉત્સાહ હોય તો જ પ્રગતિ થઇ શકે કાલનું કામ આજે અને અત્યારે જ કરવાનો ઉત્સાહ જોઇએ - 'પછી' કહેનારાં જીવનમાં પછળાટ ખાય છે ઉત્સાહી લોકો જ પ્રગતિ કરી શકે છે.

ઉત્સાહથી પ્રવૃત્તિ-ઉધમ-મહેનત-સાહસને પ્રેરણા મળે છે. સાહસ-પુરૂષાર્થ-ધીરજ-બુદ્ધિ, શક્તિ અને પરાક્રમ આ છ ગુણ - હોય ત્યાં નશીબનો સહકાર જરૂર મળે છે.

કેટલાક લોકો 'નશીબ'ના નળ નીચે બેસી જીવનનું નાહીં નાખે છે એ લોકો કયારેય કદી, કંઇ જ પામી શકતા નથી. જીવનમાં ઉત્સાહ અને ઉધમ ખૂબ જ મહત્ત્વનાં સદ્‌ગુણ છે.

## સુવિચાર

- ઉંમર તમને પ્રેમ કરતાં રોકતી નથી પણ પ્રેમ તમને ઉંમલલાયક થતાં રોકે છે **- સુરેશ દલાલ**
- પ્રેમના ગણિતમાં એક વત્તા એક એટલે સર્વ... અને બે ઓછા એક એટલે શૂન્ય **- શેખાદમ આબુવાલા**
- પ્રેમનું પાત્ર શોધો નહીં, બનો **- ઓશો**
- આપણો સ્વભાવ મૂળથી જ અવળીતરો છે, ઘરમાં આપણને હોટલ જેવી સુખ સગવડો જોઇએ છીએ અને હોટલમાં ઘર જેવી સગવડતા **- એસ. ભટ્ટાચાર્ય**
- આપણી બધી જ ત્રુટિઓ જાણ્યા પછી પણ આપણને અપનાવી લે તે મિત્ર અને આપણી બધી બાહોશી જાણ્યા પછી બિરદાવવાને બદલે જે લલકારે તે દુશ્મન **- મોરારિ બાપુ**
- બે વ્યક્તિ મૂર્ખ છે, એક નિંદા કરનારી અને બીજી નિંદા રસપૂર્વર સાંભળનારી **- રમેશ ઓઝા**
- સુખી થવાનો સચોટ ઉપાય... અપેક્ષાની ઉપેક્ષા કરતાં શીખી જવું **- માનસસૂત્ર**

*(સંકલન : દીપક વી. આસરા)*

## બોધ કથા

ઘણીવાર લોકો ઉત્સાહમાં આવી જઇને કે વાતાવરણની અસરમાં આવી જઇને કે ખોટો પ્રભાવ ઉભો કરવા સભા કે ધાર્મિક સંમેલનમાં દાનની જાહેરાત તો કરી દેતા હોય છે પણ પછી ખરેખર જયારે આપવાના થાય ત્યારે પાછોટના પગલાં ભરતા હોય છે અને ઘણીવાર તો 'બોલ્યા ફોક' કરી છટકી જતા હોય છે.

માર્ક ટવેઇન હાસ્ય લેખક હતા. કયારેક પોતાના પર રમૂજ કરી સત્ય જણાવી દેતા.

એકવાર ચર્ચમાં 'દાન' ઉપર પ્રવચન ચાલતું હતું. ફાધરની રજૂઆત એટલી બધી સારી હતી કે બધા જાહેરાત કરતા હતા એમાં એમનાથી પણ જાહેરાત થઇ ગઇ 'દસ ડોલર.'

થોડીવારે બીજી માફી અને કબૂલાતોની વાતો થઇ માર્કે જોયું તો પોતાના ખિસ્સામાં તો માત્ર પાંચ જ ડોલર હતા - એટલે વિચાર્યું ભલે જાહેરાત દસ ડોલરની કરી છે પણ નોંધ કોણે કરી છે! પાંચ આપશું તો પણ ચાલી જશે..

દાનપાત્ર - થાળી ફરવા લાગી. ત્યારે માર્કને વિચાર આવ્યો મારો દોઢ કલાકનો સમય આમ જોતાં તો બગડ્યો જ હું ઘેર હોત તો દસ ડોલરના પુરસ્કાર જેટલું લખી શક્યો હોત! એટલે કંઇ ન આપું તો પણ ચાલે!

ઝાંખા પ્રકાશમાં દાનપાત્ર આવ્યું અને જાણે કંઇ નાખતા હોય તેમ પાત્રમાંથી એક ડોલર સેરવી લીધો - કહ્યું કોણ જુએ છે?!

Email - sureshchandrabhatt18@gmail.com

# જૂના જમાનાના બાની (ડોશીમા) ભાષા અને વાતો

## ચેતનાનો સમય

- પ્રો. ઇન્દુલાલ ભટ્ટ

**(Old is Gold)**

ભાષાનિયામકની કચેરીમાં નાયબ નિયામક તરીકે નોકરી કરીને નિવૃત્ત થયેલા શ્રી શંભુપ્રસાદ જોષી લિખીત કાવ્યસંગ્રહ તેમના તરફથી મને ભેટ મળ્યો તરત જ તેમાંથી એક મનગમતું કાવ્ય વાંચ્યા મળ્યું. કાવ્યનું મથાળું છે બાની બાષા. જૂના જમાનામાં ઘરડાં થયેલા માજીને આજના જમાનાની અંગ્રેજી ભાષાના શબ્દો આવડે નહીં. આમ તો જૂના જમાનાની બાઓ અભણ હતી. મારા પોતાના બા અભણ હતા. આજના જમાનાના બાળકો અંગ્રેજી સ્કૂલોમાં ભણે છે અને વાતવાતમાં અંગ્રેજી શબ્દોનો પ્રયોગ કરે છે. આના વિશે શંભુપ્રસાદ લિખિત થોડીક કાવ્યની કડીઓ જોઇએ.

મમ્મી, બાને, કહી દે;
નિશાળ કે છે
નિશાળ હૈં કે'વાય
સ્કૂલ કે'વાય

ઘરડા બા અને પૌત્ર વાતો કરતાં હોય અને બા તેના પૌત્રને કહે છે કે બેટા નિશાળે ગ્યો તો? પણ અંગ્રેજી મીડિયમમાં ભણેલો પૌત્ર તો નિશાળને વાતવાતમાં સ્કૂલ કહે વળી દાદીમા તેના પૌત્રને કહે ચેલા તને આ નાકે શું થ્યું છે? તો પૌત્ર તેની ભણેલી મમ્મીને કહે મમ્મી આ દાદીમા પૂછે છે કે નાકે શું થ્યું છે. તો નાક એટલે શું? ભણેલી મમ્મી સમજાવે કે બેટા નાકને અંગ્રેજીમાં નોઝ કહે છે કે પણ દાદીમાને અંગ્રેજી ભણેલા નથી એટલે ખબર પડે નહિં ને? આવી બધી જૂના જમાનાની અભણ દાદીમાની ભાષા અને વાતો સાંભળીને અંગ્રેજી માધ્યમમાં ભણેલા પૌત્રને નવાઇ લાગે. આવું જ કાંઇક મારા બા અભણ હતા. ચૂલો સળગાવીને રોટલા-શાક કરે. ત્યારે તો ગેસની સગવડ નોતી. પાણી માટે રેફ્રિઝરેટર નો'તા મારા બા ગામને કૂવેથી પાણી મંગાવે ને માટલા ભરી દે. ઘરમાં પંખાય નોતા, કે એરકન્ડીશન મશીનોય નોતા. હવે તો ગેસ સીલીન્ડર આવી ગયા અને ગેસના ચૂલા આવી ગયા. આજે તો ગેસની પાઇપ લાઇનો પણ આવી ગઇ. ગેસ સીલીન્ડર થઇ રહે એટલે ફોન કરીને સિલીન્ડર મગાવવાના. રાહ જોવાની ક્યારે આવે? ગેસ પાઇપ લાઇનવાળા રીપેરીંગને બહાને પાઇપલાઇન બંધ કરી દે એટલે ગેસના ચૂલા બંધ. રેફ્રીઝરેટર બગડે એટલે રાહ જોવાની ક્યારે સર્વીસ કરવાવાળા આવે?

પંખાય નોતા. હાથ પંખા હતા. પંખા બગડે એટલે રીપેરીંગવાળા ઇલેક્ટ્રીશીયનને બોલાવવા પડે. એની રાહ જોવાની. ગરમીથી બચવા આજે તો એર કન્ડીશન મથીનો આવ્યા. ઇવડાઇ મશીનો બગડે એટલે તેની સર્વીસ કરવાવાળાની રાહ જોવાની. વળી હવે તો ઠંડા માટલાના પાણીને બદલે આરઓ પ્લાન્ટ આવી ગયા. ચોખ્ખું પાણી પ્લાન્ટમાંથી કાઢી પછી માટલા ભરવાના - દાદીમાના ઘરે નવા જમાનાનું આરઓ પ્લાન્ટ બંધ થયેલું તે સર્વીસવાળો આવે નહિં ત્યાં સુધી ઠંડા પાણીની ડઝન બોટલો મંગાવીને પીવી પડી. દાદીમા તો બગાડ્યા. અમારો જમાનો સારો હતો. નોતા ગેસનાં ચૂલા કે નોતા આરઓ ફારો પ્લાન્ટ કે નોતા પેલા શું કેવાય? ઠંડી હવા ફેકે તેવા મશીન નોતા. હાથ પંખો નાખી ઠંડક મેળવી લેતા. અરે અજવાળા માટે ફાનસ હતા. આજે તો લાઇટ જાય એટલે અંધારામાં બેસવાનું દાદીમા તો બગડ્યા. અમારો જમાનો સારો હતો. આ લાઇટ ફાઇટ નોતી ઇ સારૂ. અમે તો ફાનસ સળગાવતા અને અજવાળું કરતા.

આ તો નવા જમાનાની સુખ સગવડો સુવિધાઓનો તો માણસ ગુલામ થઇ ગ્યો સે. અમારે તો કોઇની સાડીબાર નોતી. આવી ગુલામી નોતી વેઠવી પડતી. વળી મુંબઇ સગાવહાલાને કોઇનાં મરણનાં તબીયતના સમાચાર પૂછવાના હોય તો તાર ઓફીસે જઇએ કે પછી એક પોસ્ટકાર્ડ લખાવી લઇએ આ તો અત્યારે મોંઘાદાટ મોબાલિ અને ફોન આવી ગયા. મોબાઇલના બીલ ભર્યા ના હોય તો મોબાઇલ બંધ. અમારે તો બીજા ગામોથી વસંત ટપાલી હાલતો હાલતો આવે ને ગામને પાદર બધા ભેગા થાય. વસંત ટપાલી દાદીમાને ટપાલ બંચાવે, ટપાલ લખવી હોય તો વસંત ટપાલી ટપાલ લખીને પોસ્ટકાર્ડ લેતો પણ જાય આ તો બધી આજની જમાનાની પંચાત વધી ગઇ. બધી સગવડો જેટલી વધી તેટલી તેની ગુલામીમાં માણસ દુઃખી થઇ જાય અમે તો આવી ગુલામીમાં જીવ્યા નોતા. ટેસથી જીવતા. કોઇની સાડીબાર નહીં. હે રામ આ સુખસગવડો તો માણસને તો સાન નકામો બનાવી દીધો છે. હે ભગવાન હવે મને ઉપર બોલાવી લે. આ બધી ઇંગ્લીશ બિંગ્લીશ અને સુખસગવડો મને ગુલામ બનાવે તે પહેલાં ઉપાડી લે. જૂનું એટલું સોનું નવું એટલું કથીર.

# સફળતાના સો બાપ હોય છે, પણ પરાજિત છે - નિષ્ફળ છે તે અનાથ હોય છે

## સફળતા અને નિષ્ફળતા - અક્ષયપાત્ર

- બકુલ દવે

**Victory finds a hundred fathers but defeat is an orphan.**

***- galeazzo ciano***

(સફળતાના સો બાપ હોય છે, પણ પરાજિત છે - નિષ્ફળ છે તે અનાથ હોય છે.)

એક ગુરૂએ પોતાના શિષ્યે સંગીતનું જ્ઞાન આપ્યું. શિષ્યે તે પચાવ્યું ને ગુરૂથી પણ સવાયો થયો. ગુરૂ એ માટે ભારે ગર્વ અનુભવે. વારંવાર જયાં અને ત્યાં સૌને કહેતા રહે કે પોતે એને મહાન સંગીતકાર બનાવ્યો. બીજો શિષ્ય પણ હતો જે વિદ્યા ગ્રહણ કરી શકયો નહીં. એના માટે ગુરૂ એને જવાબદાર ગણતા, પોતાને નહીં, મનુષ્યનો સ્વભાવ છે કે પડતાને પાટું મારવું અને દોડતો હોય એના ખભા પર બેસી જવું.

કયારેક કોઈને ખાસ પરિશ્રમ કર્યા વગર સફળતા મળી જતી હોય છે. આવી સફળતામાં પરિપકવતા હોતી નથી. આકસ્મિક રીતે, ભાગ્યના બળે પ્રાપ્ત થયેલી સિદ્ધિની પાછલ થોડા સમય માટે વ્યક્તિની ઊણપો અને મર્યાદાઓ ઢંકાઈ જતાં હોય છે. પછી એ અનેક રૂપે સામે આવ્યા કરે છે. ખરાબ રમીને કોઈ ખેલાડી જીતી જાય તો એની ભૂલોને કોઈ યાદ કરતું નથી, પણ એ સારું રમીને પરાજિત થાય તો એની નાનકડી ભૂલને પણ મેગ્નિફાઈંગ ગ્લાસથી જોવામાં આવે છે. કેટલીક વાર તો એણે ન કરેલી ભૂલોને શોધી એના પર માછલાં ધોવાય છે.

જય-પરાજય, સફળતા-નિષ્ફળતા, પ્રેમ-ધિક્કાર અને સુખ-દુઃખ જેવાં દ્વંદ્વોનો સહજ સ્વીકાર કરવાની સમજણ જીવનને નિકટથી જોવાની તક આપે છે. તાત્કાલિક મળેલી સિદ્ધિ **Fluke** થી પ્રેરાઈને કોઈ છકી જાય એવું બનતું હોય છે. આ સફળતા ઉપકારક નથી હોતી. નિષ્ફળતાઓનો સામનો કર્યા પછી મળેલી સફળતા મૂલ્યવાન બની રહેતી હોય છે. નિષ્ફળતા દરમિયાન માણસને ઓળખી ગયેલી વ્યક્તિ સફળ બને ત્યારે પોતાની આસપાસ ભીડ થાય નહીં એનો ખ્યાલ રાખે છે. પ્રશંસાથી દૂર રહે છે. નિષ્ફળતાઓએ એને ઠાવકો અને નમ્ર બનાવ્યો હોય છે. સંઘર્ષના સમયમાં અનાથ જેવી સ્થિતિમાં ચિંતન કરવાની તક મળે છે. તે એના માટે જીવનમાં અનેક રહસ્યો ખુલ્લાં કરી આપે છે. અહીં એનામાં રહેલા મનુષ્યત્વનો નવેસરથી આવિષ્કાર થવાની ભૂમિકા સર્જાય છે.

સફળ માણસનો લાભ લેવા માટે લોકો કાચિંડાની જેમ કેવા રંગ બદલી શકે છે તેને આબાદ રજૂ કરતું ઉમાશંકર જોશીનું એક નાટક છે : 'હવેલી'. ભૂધરકાકા પોતાના નાનકડા ગામમાં વદ ધરાવતા માણસ છે. પોતાની વિધવા ભાભીને બાપીકી હવેલીના કાગળો પર અંગૂઠો પાડી દેતા માટે એ સતત દબાણ કરતા હોય છે. ભત્રીજો કેશવ શહેરમાં છે. એના માટે ભૂતરકાકાનો અભિપ્રાય સારો નથી. ગામ લોકો પાસે એ વિધવા ભાભી અને કેશવનું ઘસાતું બોલતા રહે છે. એક દિવસ ફેરિયો ભૂધરકાકાના હાથમાં છાપું મૂકતાં સહર્ષ જણાવે છે કે કેશવભાઈ પ્રધાન બન્યા છે. રાજયના પ્રધાનમંડળમાં એમનો સમાવેશ કરવામાં આવ્યો છે. ભૂધરકાકા માની શકતા નથી. ફેરિયાને કહે છે : 'બરાબર જો. પ્રધાન બન્યા તે બીજા કોઈ કેશવભાઈ હશે.' ફેરિયો એમને છાપામાં ફોટો બનાવે છે. ભૂતરકાકાને ખાતરી થાય છે કે પ્રધાન બન્યો તે અન્ય કોઈ નહીં પણ પોતાનો ભત્રીજો કેશવ જ છે. આસપાસ એકઠા થયેલા સૌને એ કહે છે કે પારકાં એ પારકાં અને પોતાનાં એ પોતાનાં. ડાંગે માર્યા પાણી જુદાં ન થાય વગેરે. ભાભી અને ભત્રીજા તરફ એમનું વર્તન તાત્કાલિક બદલાઈ જાય છે. એમના માટે એમને અચાનક પ્રેમ ઊભરાઈ આવે છે.

# ગાંધીનગર સાહિત્ય સભા આયોજિત સાહિત્યગોષ્ઠિ અને કાવ્યપઠન કાર્યક્રમ માટે પાટનગર ગાંધીનગરના આંગણે પદાર્પણ કર્યું, જયાં તેમનું પુસ્તક અને પુષ્ટગુચ્છથી ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ શબ્દ સેતુ

સંપાદકો : નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર 'દધિ'

***સાહિત્ય અવસર સેતુ - કાવ્યગુંજન***

***- 'દધિ'***

ગાંધીનગર સાહિત્ય સભાના ભાવભીના આમંત્રણને માન આપીને, ગુજરાત અને હિન્દીના જાણીતા સાહિત્યકાર - કવિશ્રી ઓમપ્રકાશ ઉદાસીએ તા.૧૧-૫-૨૦૧૪ના રોજ, ગાંધીનગર સાહિત્ય સભા આયોજિત સાહિત્યગોષ્ઠિ અને કાવ્યપઠન કાર્યક્રમ માટે પાટનગર ગાંધીનગરના આંગણે પદાર્પણ કર્યું, જયાં તેમનું પુસ્તક અને પુષ્ટગુચ્છથી ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું.

પ્રમુખ ભરત કવિ 'ઊર્મિલ' એ કવિશ્રી ઓમપ્રકાશ ઉદાસીની સાહિત્ય સાધનાનો આછેરો ખ્યાલ આપી, હેતાવવા ઉમળકાથી આવકાર્યા. પૂર્વ-પ્રમુખ હરિકૃષ્ણ પાઠક દ્વારા કવિશ્રી ઉદાસીનો પરિચય ઉદાસી સંપ્રદાયના એક ધોળકાના વતની છે અને ઉદાસી સંપ્રદાયના એક અગ્રગણ્ય છે. શ્રી ઉદાસીનો હિન્દી કાવ્યસંગ્રહ 'કિસી ઔર હી તરફ' હિન્દી સાહિત્ય અકાદમી દ્વારા પ્રથમ પારિતોષિકથી પોંખાયો છે. શ્રી ઉદાસી એક સંવેદનશીલ જીવ હોઈ, તેમણે તેમના પ્રથમ હિન્દી કાવ્યસંગ્રહમાં વ્યાપક માનવીય ખોજને નિરૂપણી છે. તેઓશ્રીએ કબીરજી, નાનક, ગોરખ, તુકા, મીરાં, ચૈતન્ય અને બુલ્લેસાહને આરાધ્યા છે. આથી તેઓ સ્વસ્થ અને રાગ-દ્વેષ રહિત છે. તેઓ કોઈની નથી અને આમ તેઓ નરવા અને નિર્મળ માણસ છે, પરંતુ તેમના કાવ્યોમાં પીડા અને સંવેદના છે અને તેમણે ખાસ કરીને ધર્મને નામે બનતાં હિંસાખોરીના બનાવોને લક્ષમાં રાખીને, સાચા સેક્યુલારિઝમ બાબતે કટાક્ષ કાવ્યોથી ધ્યાન દોર્યું છે અને હિંમત કરીને સાચી આધ્યાત્મિકતાની ખોજના લક્ષ્ય તરફનો અંગૂલિ નિર્દેષ કરી, કોઈ પણ જાતના પક્ષપાત વિના જેને જે કંઈ કહેવા જેવું લાગ્યું છે તે કહ્યું જ છે.

મૂર્ધન્ય વાર્તાકાર, નવલ કથાકાર અને જ્ઞાનપીઠ એવોર્ડ ચયન સમિતિનાં સભ્ય ડૉકટર કેશુભાઈ દેસાઈએ કવિશ્રી ઓમપ્રકાશ ઉદાસીની સાહિત્ય સાધના ઉપરાંત તેઓનો પરિચય આપતાં જણાવ્યું કે, ઉદાસી ગાંધીનગર આવ્યા એ જ એક મોટી ઘટના છે. તેઓ એક વિચારશીલ સર્જક છે અને પ્રાસંગિક ઘટનાઓ સાથે પોતાને દૃષ્ટા તરીકે મૂકે છે અને કાવ્યાભિવ્યક્તિ કરે છે. તેમણે આધ્યાત્મિક રસ માણ્યો છે અને આથી જ સર્જક કરતાં માણસ તરીકેની તેમની ઊંચાઈ મોટી છે. સ્થાપિત સાહિત્યકારોમાં સંવેદના કેટલી, એ એક મોટો પ્રશ્ન છે - માત્ર આયામ અને દંભ જ હોય, જયારે કવિ ઉદાસીનું શીલ અને સર્જન સમાંતર વહે છે. તેમનાં કાવ્યો ઓછાં જાણીતાં પણ સત્વશીલ-વિચાર કાવ્યો છે, વિચાર-કણિકાઓ છે કારણ કે તેમાં સંવેદના ભારોભાર ભરેલી છે.

કવિશ્રી ઓમપ્રકાશ ઉદાસીએ સાહિતય ગોષ્ઠિ અને સ્વરચિત વ્યંગકાવ્ય સંગ્રહ 'હઈસો હઈસો' ૨૦૦૨ની સાલમાં ગુજરાતમાં જે ન બનવા જેવું બન્યું તે ઘટનાઓથી પીડા શરૂ થઈ અને ક્રિયા-પ્રતિક્રિયા શરૂ થઈ અને સંવેદનશીલ વ્યક્તિ તરીકે લખવાનું શરૂ કર્યું, પરંતુ માણસને છોડીને કયાંક ગયો નથી. હાલમાં માનવ સંવેદનાની છડી પોકારનારાઓ સામે જબરો પડકાર ઊભો થયો છે. જાહેર જીવનમાં - સમાજજીવનમાં નિષ્પક્ષતા નંદવાઈ છે. "ગર્વ સે કહો"માં હિન્દુ નાનો થતો લાગે છે અને "ઈસ્લામી બોમ્બ" માં ઈસ્લામ મટી જતો લાગે છે.

શ્રી ઉદાસીએ તેમના કટાક્ષકાવ્ય સંગ્રહ "હઈસો... હઈસો" ના કાવ્યોનું પઠન - કાવ્ય "ટ્રેનનો ડબ્બો... જોર લગા કે" થી શરૂ કર્યું જેમાં :

"કોઈ કહે ટ્રેનનો ડબ્બો સળગાવ્યો,
કોઈ કહે સળગ્યો! ને, સામસામે તાડૂકી રહ્યા છે
ડબ્બો સળગાવ્યો... સગળ્યો...
ગુજરાત બહારથી ધસી આવ્યું ધાડું 'જોર લાગે કે....'
સળગ્યો સળગ્યો હઈસો... હઈસો...
ત્યાં પેલા ભડભડતા માણસ... ચીસો શાંત
એ ચીસો તો હિન્દુ ચીસો, મુસ્લિમ ચીસો નહિ,
હઈસો... જરા જોર સેમાં... માણસ કયાં હતા!!
હઈસો... જરા જોરસેમાં હિન્દુ હતા, મુસ્લિમ હતા,
સેક્યુલર હતાં, નોન સેક્યુલર હતા.
ધર્મહિત ચિંતકો, 'મજહબ ખતરે મેં' વાલા હતા,
સૂત્રધારો હતા.
હઈસો માટે મરણ, લીલું, મટણ ભગવું હતું
મરણ પરિસંવાદ હતા. ચરણચીસ હતાં વોટિંગ મશીન
ચીસો ભલે શાંત...
ડબ્બો સળગતો રહે, નગરે ધગધગતાં રહે
એટલે મરણ પછી પણ હઈસો... જરા જોર લગાકે...
આ સળગ્યો - સળગાવ્યોમાં મને પ્રતીક્ષા છે,
કબીરના ફાયર બ્રિગેડની."

● ● ●

આપણી સંસ્કૃતિમાં તરબરતર અને નિતરતી ધર્મનિરપેક્ષતાને વહન કરવાની જવાબદારી જેઓનાં ખભે હતા એવા "નિષ્પક્ષ ખભાઓ" કાચા પડ્યા. આંસુઓનાં કોઈ રંગ હોતા નથી કે દર્દનું વિભાજન થઈ શકતું નથી. જયારે કવિની કવિતામાં સત્ય ઊંચે ચડીને બોલે છે. ત્યારે તેનો થડકાર સંભળાય છે, જે આપણા દિલને વાગે છે. સત્ય કયારેય પસંદગીનું સત્ય નથી હોતું, એ 'નિરપેક્ષ' હોય છે. સાપેક્ષતાના સમીકરણો એ જ કમઠાણ કર્યું છે. કયાંક મૌન અને કયાંક બોલકા સત્ય એ સમાજની ભારે કુસેવા કરી છે. આવો... તેમણે પઠન કરેલ કાવ્યોનાં અંશો માણીએ.

● "ધર્મમાં મનુષ્યની શોધ આદરી છે.
કોઈ મુલ્લા, કોઈ પંડિત, કોઈ પાદરી છે.
શું
અલ્લાહ મુસલમાન, ભગવાન હિન્દુ, ગોડ ઈસાઈ છે?"

● ગુજરાત ૨૦૦૨માં કેમ બે? કેમ એક નહિં?
કેમ બે ફાડિયાં? કેમ ડાંગે માર્યા પાણી એક નહીં?
કેમ ગોધરા, અનુગોધરા? માત્ર ગુજરાત નહિં?
કેમ ગોધરા એટલે હિન્દુ? અનુગોધરા એટલે મુસલમાન?
કેમ બે આંસુ જુદાં જુદાં?
સાંપ્રદાયિકો, બિનસાંપ્રદાયિકો, કોમવાદીઓ, શૂરવીરો,
રાજકારણના ખાંડાના ખખડાટ,
એમાં હણાયો માણસ!

● ધૂમાડામાં શિશિયારીઓ
શાંત પડી ગઈ છે.
હવે,
અટૂલા પડેલાઓ ધુમાડામાં
ધર્મ શોધી રહ્યા છે.
ટોળાંઓ "મામકા" અને "અપનેવાલે"ને
શોધી રહ્યાં છે!

● ટી.વી. પડદે મૂકાય પટ્ટી
"હિન્દુ-મુસ્લિમ ભાઈ ભાઈ"
ને, પેટમાં ફાળ પડે છે
નક્કી...
મારા શહેરમાં...!

● હુલ્લડમાં "માણસ" મરી ગયો
એ સમાચાર
કેમ આવતા નથી?

● લોકો બળતાં ઘરોમાં
બધું ત્યજીને
રાહત શિબિરોમાં આવે છે
કાશ! ધર્મ અને મજહબ
ત્યજીને આવ્યા હોત!

● સામસામે લડતા હતા
તેઓ, મડદાંઘરમાં
સાથે સાથે 'સૂતાં' હતા!

● તોફાનો પછી મડદાંઘરમાં
માથું ફાટી જાય એ વાસનું
કારણ પૂછતાં,
ડૉકટર કહે : આ દુર્ગંધ
પ.પૂ.ધ.ધૂ. ઓ માને અને
મુલ્લાં - મૌલવીઓની છે.

● વિચારે હિન્દુ ઉદાર
"હિન્દુપ્રેમ", 'વિશ્વમાનુષ', 'વિશ્વકુટુંબ' તેની પાસ.
આચારે ?...
રસોડાં પૂરો થાય ધર્મ.
માણસે અભડાય,
ગામ, ગોળ, ગોત્ર, જાતમાં ધર્મ સમાય!
મુસ્લિમ
ઉદાર આચારે
બિસ્મિલ્લાહ સાથે, સાથે નમાજ
બિરાદરી ભાવ.
વિચારે?
નૂતન વિચાર, ના આવકાર
ખંભાતી તાળા, ફતવા રાજ,
બેઉને જડબેસલાક દૂર રાખવા
મહંત - મુલ્લા ચોકીદાર,
લે કાળજી પૂરી
કયાંક ના થઈ જાય
ખુલ્લાં દ્વાર!

● મારા શહેરમાં હુલ્લડ, હાશ!
મને તકલીફ નથી.
હું પશ્ચિમ શહેરમાં રહું છું.
મારા ચિંતા શાંત અને રમણીય છે.
કારણ...આ વિસ્તાર રમણીય છે.
હા, વિશેષ પ્રસંગે
મને ચિંતા થાય છે હિન્દુઓની!
'ગંદી ચાલીઓમાં દલિત... હિન્દુઓ છે!'
ગર્વ થયો તેમનાં 'હિન્દુત્વ' પર!
વિધર્મીઓનાં હુમલાથી ભોગ બનેલાં બિચારા...
આ 'હિન્દી!'
હું ફાફડા જલેબી આરોગતાં આરોગતાં
તેઓની ચિંતા કરું છું, ને ચિંતા કરું છું 'હિન્દુત્વ'ની!
ને એક દિવસ
હિજરત કરી આવેલા દલિતો
મારા વિસ્તારમાં ઘર શોધવા...
શરણ શોધવા અને
પશ્ચિમનાં બારણાં ફટાફટ બંધ!
અરે આ... તો...!

● રાહત શિબિરોમાં
એક કણસતું દુઃખ
કયાં કોઈએ દીઠું?
"દૂર ત્યજી આવ્યા
વોડકી વ્યવહારને!"

● અલ્લાહ ઓ અકબરથી
બાજુના ફળિયામાં ફાળ,
"જય શ્રીરામ"થી ધ્રૂજે મહોલ્લા!
"અલ્લાહ"ના હાથમાં ચાકુ
"શ્રીરામ"ના હાથમાં પેટ્રોલ
"હરિબોલ" નહીં - હલ્લાબોલ!
"અલ્લાહ" નહીં - હલ્લાબોલ

● બાબરી નથી પડી
હિન્દુ પડી ગયો
ઉપનિષદના શિખરથી.
વર્લ્ડ ટ્રેડ સેન્ટર નહીં,
ઈસ્લામનો ગુંબજ
થયો ધરાશાયી!